જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૪/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૫૧ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩,૮૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૦૨/૨૦૨૬**

ઈસનપુરઃ ખાલીદઅલી સલીમઅલી ચેજારા (ઉ.વ.૪૩)(રહે.શાહીયા કોલોની, વિભાગ–૧, રસુલાબાદ શાહઆલમ) એ તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૪/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી ૧૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે અજાણ્યા મોબાઇલ નંબર ૯૫૮૪૦૬૮૭૦૧ ના ધારકે ખાલીદઅલી ચેજારાના મોબાઇલ ફોન ઉપર "ટી.વી.વલ્ડ" નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેમનો મોબાઇલ ફોન હેક કરી, તેમના HDFC Bank ના ખાતામાંથી રૂપિયા ૪૨,૦૦૦/– તથા Bank of Baroda ના ખાતામાંથી રૂપિયા ૯૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૩૭,૦૦૦/– ટ્રાન્સફર કરી મેળવી લઇ ખાલીદઅલી ચેજારા સાથે ઓનલાઈન માધ્યમથી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૦૩/૨૦૨૬**

અમરાઈવાડીઃ વર્ષાબહેન વા/ઓ જયેશકુમાર પરમાર (ઉ.વ.૪૫)(રહે.જક્સી રબારીની ચાલી, જોગેશ્વરી રોડ, હાટકેશ્વર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનમા પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.ભેટારીયા ચલાવે છે.

મણીનગરઃ સાકરચંદ પરષોત્તમદાસ પટેલ (ઉ.વ.૭૬)(રહે. સુર્યનગર સોસાયટી મણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનમા છતમાં લોખંડના હુક સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.ટાંક ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી